તલોદમાં સરકારની શૈક્ષણિક સંસ્થાઓ પર ગંકદીનું સામ્રાજ્ય, તંત્ર ઘોર નિંદ્રામાં

તલોદ, તા. ૧૬

તલોદમાં ચાલતા આંગણવાડી કેન્દ્રોથી માંડી પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા તેમજ કોલેજો સુધી છેલ્લા છ માસથી કોરોના બીમારીના લાગેલા કાયમી ગ્રહણને લીધે કરોડોના ખર્ચથી બનાવેલી શૈક્ષણિક ક્ષેત્રો મસમોટા ઝાડો, ઘાસચારો તેમજ ગંદકી જેવા કચરાઓના ઠગથી સરકારની આ તમામ શૈક્ષણિક સંસ્થાઓ દુર્ગંધથી ખદબદી રહી છે જેનું શિક્ષણતંત્ર ઘોર નિંદ્રામાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

સરકાર દ્વારા શાળાઓમાં બાળકો વગર ફક્ત સ્ટાફને હાજર રહેવા પરિપત્ર જાહેર કર્યુ હોવાથી શાળાઓમાં બાળકોની ગેરહાજરીથી આ તમામ શૈક્ષણિક ક્ષેત્રો સોભાના ગાંઠિયા

સમાન ભાસી રહ્યા છે, ત્યારે છેલ્લા એક ટર્મથી બંધ પડેલી આ સરકારની અમુલ્ય અને પાયાની શૈક્ષણિક સંસ્થાઓ મસમોટા ઝાડવા ઉગી જતા ઘાસચારો અને જીવલેણ જીવતંતુથી કચરાના ઢગો પણ ખદબદી રહ્યા છે. જેમાં કેટલાક દારૂડીયાઓ અને અસામાજીક તત્વોના ખરાબ કૃત્યોનું રહેઠાણ બની ગયુ હોવાનું પણ જાણવા મળી રહ્યુ છે. સરકારની આ શાળાઓમાં કેટલાક અનિયમિત સ્ટાફની ઝાખી હાજરી અને નજીવો સમય પસાર કરી મસમોટા સરકારના કમરતોડ સિંહાસન જેવા પગારનું કોઈપણ જવાબદારી વગરનું તંત્ર ચાલી રહ્યું હોવાનું બુમરાણ પણ સાંભળવા મળી રહી છે.

નિયમિત શિક્ષણ વગર તેજસ્વી તારલાઓની બગડી રહેલી અમુલ્ય જીંદગીઓ કોરોના બીમારીના ડરથી દેશમાં શિક્ષણ જગત પર માઠી અસર છવાઈ રહી છે. નેતા, કલેક્ટર, એસ.પી., અન્જીનીયર, ડૉક્ટરો અને વકિલો બનવાના ખેવના રાખતા બાળકોના સ્વપ્નો સરકાર કોરોના જેવી બિમારીના ડરથી અસુવિધા ઉભી થઈ છે. હવે તો ઘરે બેઠા બાળકોને ઓનલાઈન અભ્યાસમાં કોઈ જ અભિરૂચી પણ ધરાવતા નથી. આ શૈક્ષણિક સંસ્થાઓનું સત્વરે માવજત કરાવી શિક્ષણ જગત પરથી કોરોના બિમારીના ડર જેવી સમસ્યાથી નિરાકરણ લાવી વિદ્યાર્થીઆલમની માંગ પર ગંભીરતાથી વિચારણા કરી પુનઃ ધબકતુ કરવા

તેજસ્વી વિદ્યાર્થીઓ અને વાલિગણોની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

ભિલોડા કેનેરા બેંક સાયબર ગઠિયાઓની ભોગ બની

એટીએમમાં માસ્ક પહેરી પ્રવેશેલ બે ગઠિયા ટેકનિકલ છેડછાડ કરી ૧.૯૭ લાખ સેરવી લીધા

ભિલોડા, તા. ૧૬

સાયબર કાઈમના કિસ્સાઓ ઘણાં સામે આવી રહ્યાં છે. લોકોને ઉલ્લુ બનાવીને ટોળકીઓ હજારો-લાખો રૂપિયા ઠગી લેતી હોય છે ત્યારે સાયબર ગઠિયાઓ ટેક્નોલોજીના સહારે બેંક સાથે જ એટીએમ મારફતે ઠગાઈ કરી લેતા બેંક અધિકારીઓ અને હેડઓફીસ પણ નવા ફોડથી ચોકી ઉઠી છે. ભિલોડા નગરમાં આવેલી કેનેરા બેંકના એટીએમમાં બે ગઠિયાઓ પ્રવેશી એટીએમ જેવું કાર્ડ નાખી દસથી વધુ ટ્રાન્જેક્શન કરી ૧.૯૭ લાખ ઉપાડી લેતા બેંક કર્મીઓ અને પોલીસ દોડતી થઇ છે. સાયબર ગઠીયાઓની નવી ટેક્નિકલી એટીએમમાંથી રૂપિયા સેરવી લેવાની મોડ્સ ઓપરેન્ડીસ જોઈ પોલીસ અને બેંક સત્તાવાળાઓ પણ માથું ખંજવાળતા રહી ગયા છે. કેનેરા બેંકના મેનેજરે ભિલોડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસ સહીત એસઓજી પોલીસ

પણ સાયબર ગાઠીયાઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

ભિલોડા નગરમાં આવેલી કેનેરા બેંકમાં માસ્ક પહેરી પ્રવેશેલા બે સાયબર ગઠિયા ત્રણ દિવસના સમયગાળામાં એટીએમ જેવું કાર્ડ નાખી ૧૮ જેટલા ટ્રાન્જેક્શન કરી ૧.૯૭ લાખ ઉપાડી લેતા આ અંગે બેંગ્લોર સ્થીત હેડ ઓફિસના અધિકારીઓને ધ્યાને આવતા હેડ ઓફિસથી ભિલોડા કેનેરા બેંકના બ્રાન્ચ મેનેજરને ઈ મેઈલ મારફતે જાણ કરી હતી જેમાં એટીએમમાં શંકાસ્પદ ટ્રાન્જેક્શન થઈ રહ્યું હોવાની જાણ કરતા મેનેજર સહીત કર્મચારીઓએ એટીએમના સીસીટીવી કેમેરા ચેક કરતા બે શખ્સો માસ્ક પહેરી પ્રવેશી એટીએમમાં કાર્ડ નાખી ટેક્નિકલી છેડછાડ કરી રૂપિયા કાઢતા હોવાનું જણાઈ આવતા વધુ તપાસ કરતા આ બંને શખ્સોએ ૧૮ વખત ટ્રાન્જેક્શન કરી ત્રણ દિવસમાં બેંકના એટીએમ માંથી ૧.૯૭ લાખ રૂપિયા ઉપાડી લીધા હોવાનું જણાતા બ્રાન્ચ મેનેજર સુરજ અશોકકુમારે બે અજાણ્યા શખ્સો સામે ૧.૯૭ લાખ રૂપિયા એટીએમમાં ટેકનોલોજી ઉપયોગ કરી ફોડ કર્યાનો ગુન્હો નોંધાવતા ભિલોડા પોલીસે બંને શખ્સો સામે ફરિયાદ નોંધી ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. સાયબર ગઠીયાઓની મોડ્સ ઓપરેન્ડીસ જોઈ જીલ્લા પોલીસવડા એસપી ખરાતે એસઓજી પોલીસને પણ તપાસમાં જોતરી છે.

ડીસા દક્ષિણ પોલીસ દ્વારા ભોપાનગર રોડ પરથી શંકાસ્પદ ઘી ભરેલ છોટાહાથી ગાડી ઝડપાઈ

જન આરોગ્ય સાથે ચેડાં કરતાં વેપારીઓ સામે પીએસઆઇ ટી.એચ. પરમાર દ્વારા કરાઈ કડક કાર્યવાહી કરતા ફફડાટ

ડીસા શહેરમાં જન આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરતા ઘીના વેપારીઓ સામે દક્ષિણ પોલીસની લાલ આંખ કરી છે અને કાર્યવાહી દરમિયાન ડીસાના ભોપાનગર રોડ પરથી શંકાસ્પદ ઘી ભરેલી છોટાહાથી ગાડી ઝડપી પાડી એક ઈસમની અટકાયત કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર રાજ્યમાં ડીસાની ડી ફોર ડુપ્લીકેટની છબી અંકિત થઈ ચૂકી છે અનેક ખાધ્ય પદાર્થોના ભેળસેળ અને ડુપ્લિકેટિંગ મામલે ડીસામાં અનેક લોકો માહિર છે. બ્રાન્ડેડ ઘી, તેલની ડુપ્લીકેટિંગ કરી બ્રાન્ડેડ તરીકે વેચી જન આરોગ્ય સાથે ગંભીર પ્રકારે ચેડાં કરવામાં આવી રહ્યા છે. કેટલાક હીન દાનત ધરાવતા તત્વો દ્વારા ડીસા શહેરનું નામ બદનામ કરવામાં આવી રહ્યું છે. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગમાથી ઘી બનાવવાનું લાઈસન્સ મેળવી બાદમાં ડુપ્લીકેટ ઘી બનાવી તંત્રની આંખમાં ધૂળ નાખવામાં આવી રહ્યું છે, ત્યારે ડીસા બનાસ ઈન્ડસ્ટ્રીઝ એરીયા તથા જીઆઈડીસી વિસ્તારમાં કેટલાક વેપારીઓ

ખાધ્ય ચીજ વસ્તુઓનું મોટાપાયે ડુપ્લીકેટ કરી તેનું વેચાણ કરતાં અને બનાવટ કરતાં અગાઉ પણ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે શુક્રવારે ડીસા દક્ષિણ પોલીસ દ્વારા જન આરોગ્ય સાથે ચેડાં કરતાં વેપારીઓ સામે લાલ આંખ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં દક્ષિણ પોલીસ દ્વારા ભોપાગર રોડ પર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એક શંકાસ્પદ છોટાહાથી ગાડી નજરે પડતા ડીસા દક્ષિણ પીએસઆઈ ટી.એચ. પરમાર તથા સ્ટાફ દ્વારા ગાડીને રોકી તપાસ કરતા તેમાં શંકાસ્પદ ઘી જેવો પદાર્થ નજરે પડતાં પોલીસ દ્વારા ડ્રાઈવરની સઘન પુછતાછ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગાડીના ડ્રાઈવર દ્વારા કોઈ સંતોષકારક જવાબ ના આપતા પીએસઆઇ ટી.એચ. પરમાર તથા સ્ટાફના માણસો દ્વારા છોટાહાથી ગાડી ઝડપી પાડીને દક્ષિણ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવી હતી. ગાડીમાં રાખેલ ઘી જેવા પદાર્થ બાબતે ડ્રાઈવરની સઘન પુછતાછ હાથ ધરવામાં આવી હતી પરંતુ પકડાયેલ ડ્રાઈવર દ્વારા ગાડીમાં રાખેલું ઘી અને ગાડી પોતાની હોવાનું રટણ ચાલુ રાખ્યું હતું. તપાસ દરમિયાન ગાડીમાં શંકાસ્પદ ઘી ભરેલા ૧૫ કિલો ના ૮૧ જુના ડબ્બા હોઈ અનેક શંકાઓ ઉભી થવા પામી છે. આ ઘી માં ખતરનાક કેમિકલયુક્ત પ્રવાહી મિક્સ કરેલું હોય તેવું દુર્ગંધ પણ આવી રહી હોઈ જન આરોગ્ય સાથે ગભીર પ્રકારના ચેડાં થતા હોવાની પણ શક્યતાના પગલે પોલીસે આ સમગ્ર સકાસ્પદ ઘી મામલે ગાડી ચાલક સામે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે અને આ શંકાસ્પદ ઘી ક્યાથી લાવી ક્યાં લઈ જવાતું હોવા બાબતેની દિશામાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રાંતિજ ખાતે શ્રી ધનશ્યામલાલજી હવેલી મંદિરમાં અધિક માસના સમાપન પ્રસંગે અન્નકૂટ દર્શનનું આયોજન

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજ નગરમાં શ્રી દશાશ્રીમાળી વાડી નજીક આવેલ શ્રી ધનશ્યામ લાલજી મંદિર સંકુલમાં અધિક માસના અંતિમ દિવસે વૈષ્ણવ સમાજના ધર્મપ્રેમી ભાઈ બહેનો દ્વારા શ્રી ઘનશ્યામલાલજી સમક્ષ અન્નકૂટ ભરવામા આવ્યો હતો. દર ત્રણ વર્ષે અધિક માસ કે જેને પુરષોત્તમ માસ પણ કહેવાય છે આ પવિત્ર માસનું ખૂબજ મહત્વ ગણાય છે. વૈષ્ણવ મંદિરોમાં વર્ષ દરમ્યાન ઉજવાતા મનોરથો તેમજ ઉત્સવો અધિક માસમાં ઉજવવામાં આવે છે. વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ અધિક માસમાં દાન, પુણ્ય અને પૂજા-અર્ચના કરીને ભગવાનની ભકિત કરે છે. અધિક માસમાં વૈષ્ણવ સમાજ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મપ્રેમી લોકો પણ મંદિરોમા વિવિધ ઓચ્છવો મનોરથો અને ઉત્સવોની ઉજવણી કરીને ધન્યતા અનુભવે છે. પ્રાંતિજ નગરમાં વૈષ્ણવ સંપ્રદાયની બે હવેલીઓ આવેલી છે ધનશ્યામલાલજી હવેલી ઉપરાંત દેસાઈની પોળમાં શ્રી મદનમોહન લાલાજીનું મંદિર આવેલ છે. આ મંદિરમાં પણ દરેક ધાર્મિક તહેવારોની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે પરંતુ અધિક માસનું મહત્વ ખૂબ વધારે હોઇ વૈષ્ણવ સંપ્રદાયના ભાઈ-બહેનો આનંદ અને ઉત્સાહપૂર્વક અધિક માસ ઉજવે છે.

અરવલ્લી એલસીબીએ ગોતાપુર ગામેથી વિદેશી દારૂ ઝડપ્યો

બાયડ તાલુકાના સાઠંબા પોલીસ મથક વિસ્તારમાં એલસીબી પોલીસ અરવલ્લીએ ત્રાટકી સાઠંબા પોલીસના નાક નીચેથી ગોતાપુર ગામે દરોડામાં વિદેશી દારૂ અને બિયરના ૧૦૯ ટીન/ક્વાર્ટરીયા ઝડપી પાડ્યાં છે.

અરવલ્લી એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર આર. કે. પરમાર અને તેમની ટીમના માણસો અનિલકુમાર અંબાલાલ, ઈમરાનખાન નજામીયાં, સંજયકુમાર મનોજભાઈ અને પ્રમોદચંદ્ર સુખદેવપ્રસાદ વિગેરે સાથે આજરોજ સાઠંબા પોલીસ મથકના વિસ્તારમાં પ્રોહી પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે ગોતાપુર ગામે કાળાભાઈ ફુલાભાઈ પગી વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ કરે છે. જેથી પોલીસે ગોતાપુર ગામે કાળાભાઈ ફુલાભાઈ પગીની બાતમીવાળી જગ્યા ખેતરની ઓરડીએ છાપો મારતાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાર્ટરીયા તથા બિયરના ટીન મળી કુલ નંગ. ૧૦૯ કિંમત રૂ. ૧૧,૮૫૦નો મુદ્દામાલ ઝડપી સાઠંબા પોલીસ મથક ગુનો દાખલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા વન વિભાગ ધ્વારા વર્લ્ડ ફુડ-ડે નિમિત્તે ખલવાડ ગામની આંગણવાડી પરીસરમાં વૃક્ષારોપણ કરાયું હતું. અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન આદિજાતિ મોરચો, મહામંત્રી શૈલેષભાઈ મોથલીયા સહિત સામાજીક કાર્યકરો અને વન વિભાગના કર્મચારીઓના વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. વનપાલ જે.ડી.અસારી, સી.એસ.રાઠોડ, વન સહાયક ભાવનાબેન હડુલા, નીરૂબેન ભગોરા, ખલવાડ આંગણવાડી કાર્યકર ઉર્મિલાબેન ભરતભાઈ પારઘી ઉપસ્થિત રહ્યા હતા. વધુ વૃક્ષ વાવો અને વધુ વરસાદ લાવોનું સુત્ર સાર્થક કરવા જણાવ્યું હતું.

મોટાકોટડા ગામના મુખી, સેવા સહકારી મંડળી, પુર્વ ચેરમેનનું અવસાન

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટાકોટડા ગામના રાજકીય આગેવાન, સેવાભાવી મુખી, ધી મોટાકોટડા ગ્રૂપ સેવા સહકારી મંડળી લી., પુર્વ ચેરમેન રામજીભાઈ મોતીભાઈ પટેલનું મંગળવારના રોજ ૭૫ વર્ષની જૈફ વયે અવસાન થયેલ છે. મોટાકોટડા

ગામમાં વર્ષો સુધી મુખી પદે જવાબદારી સંભાળેલ હોઈ તેમના કાર્યકાળ દરમ્યાન કોઈ પણ જ્ઞાતિમાં કોઈ પણ બનાવ બને તો સરળતાથી તેઓની આગવી કુનેહ અને કોઠા સુઝબુઝથી કોઈ પણ પ્રશ્નનો નિકાલ કરતા હતા.મોટા કોટડા ગામના ગ્રામજનોએ ભાવભીની શ્રધ્ધાજલી અર્પી સદ્ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે તે માટે સૌ-કોઈએ પ્રાર્થના કરી હતી.

પાલ્લા હાઈસ્કુલના આચાર્યનું અવસાન થતા આચાર્ય સંઘ ધ્વારા બે લાખનો ચેક અર્પણ

ભિલોડા તાલુકાના પાલ્લા ગામની આર.એચ.પટેલ વિદ્યાલયના આચાર્ય ગજાનંદભાઈ સુકાભાઈ પ્રજાપતિનું તા.૭/૧૦/૨૦૨૦ ના રોજ દુઃખદ્ અવસાન થયેલ હોઈ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની કલ્યાણનિધિ અન્વયે રાજ્ય અને જીલ્લા આચાર્ય સંઘના પદાધિકારીઓએ સદ્ગતના ઘરે પહોંચી રૂા.બે લાખનો ચેક પરીવારજનોને અર્પણ કર્યો હતો.અરવલ્લી જીલ્લા આચાર્ય સંઘના પ્રમુખ એન.ડી.પટેલ સહિત પદાધિકારીઓએ સદ્ગતના પરીવારજનોને સાંત્વના આપી હતી.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ સંચાલક મંડળની બેઠક યોજાઈ

બાયડ, તા. ૧૬

સાબરકાંઠા અરવલ્લી સેલ્ફાઈનાન્સ સ્કૂલ સંચાલક મંડળની મહા બેઠક હિંમતનગર ખાતે યોજાઈ જેમાં સમગ્ર ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં સંચાલન મંડળ તરફ થઈ પ્રતિનિધિત્વ કરવા જઈ રહેલા ઉમેદવાર દિપક રાજગુરુ તથા વાલીમંડળના ઉમેદવાર તરીકે આનંદભાઈને શ્રીફળ અર્પણ કરી અતુલભાઈ પટેલ (તક્ષશિલા વિદ્યાલય-બાયડ) વસંતભાઈ ધોળુ શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે અતુલભાઈએ આ ક્ષેત્રે કેવી રીતે આ સંગઠન દ્વારા એક આગવી છાપ ઉભી કરી ગુજરાત ક્ષેત્રે સેલ્ફાઈનાન્સ શાળાઓને પ્રગતિના પંથે લઈ જઈ શકાય તે અનુંસંધાને વિસ્તૃત માહિતી આપી હતી.

પ્રાંતિજ-સલાલ યાર્ડ ખાતે ડાંગર અને મગફળીની હરાજી શરૂ

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને સલાલ ખાતે ડાંગર અને મગફળીની હરાજી શરૂ કરવામાં આવતા પ્રાંતિજ-સલાલ માર્કેટયાર્ડમાં ડાંગર-મગફળીના વેચાણ અર્થે ખેડૂતોનો ધસારો જોવા મલ્યો.

પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પ્રાંતિજના મુખ્ય યાર્ડ તથા સબયાર્ડમાં ખેત પેદાશો ડાંગર અને મગફળી તાલુકાની આસપાસના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તેને ધ્યાને લઈને બજાર સમિતિએ ડાંગર અને મગફળી ની હરાજીનો શુભારંભ કરવામાં આવેલ છે. જાહેર અને ખુલ્લી હરાજીમાં વેચાણ અર્થે પોતાનો માલ લઈને આવનાર ખેડૂતોને ચોખ્ખો અને સુકો માલ વેચાણઅર્થે લાવે તો સારા ઉપજ ભાવ આપવામાં ઘણી મદદ મળશે તેમ માર્કેટયાર્ડના સેક્રેટરી શૈલેષભાઈ પટેલ દ્વારા જાણવા મળ્યું હતું. ચાલુ સાલે પ્રાંતિજ તાલુકામાં ડાગર અને મગફળીનું મોટા પ્રમાણમા વાવેતર થયેલ છે અને વાવેતરની સરખામણીએ સારી કવોલીટીનું મબલખ ઉત્પાદન પણ થનાર છે ત્યારે ખરીદી કરનાર વેપારીઓએ પણ ખરીદી માટે ઉત્સુક છે ત્યારે તાલુકાના ખેડૂતો હરાજીમાં ભાગ લઈ પોતાની ખેત પેદાશો વેચાણ તેમ જરૂરી હોવાનું બજાર સમિતિ પ્રાંતિજના ચેરમેન રાજેશકુમાર એમ. પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

ધનસુરા તાલુકાના આકરૂંદ ગામમાં તસ્કરોનો તરખાટ

ધનસુરા તાલુકાના આકરૂંદ ગામમાં મંડળીમાંથી તસ્કરોએ તાળું તોડી હાથફેરો કરેલો તેમાં મંડળીમાંથી જુદી જુદી ચીજ વસ્તુઓની ચોરી કરેલ ૫૦૦ ગ્રામના ૯૯ પાઉચ અને ૧ કિલોના સાત દવા અને ૧૫ કિલોનો એક ઘીનો ડબ્બો ચોરી ગયા હતા. આમ અવારનવાર છાશવારે થતી ચોરીઓથી પ્રજાજનોમાં અને તાલુકામાં લોકોમા ડરનો માહોલ છવાયો હતો. લોકો પોલીસ પ્રત્યે સઘન પેટ્રોલિંગની માગણી કરી રહ્યા હતા. આમ અવારનવાર થતી ચોરીઓથી પ્રજાજનો ચોરોને નસિયત કરાવવાનું પોલીસ પાસે માંગણી કરી રહ્યા હતા.

તલોદમાં નવરાત્રી આરાધના માટે પૂજાપાની ખરીદી માટે ભીડ

તલોદ, તા. ૧૬

દેશભરમાં નવરાત્રી મહોત્સવ ઉપર જાહેર પ્રોગ્રામ પર પ્રતિબંધ લદાતા આ વખતે કોરોના બિમારીના લીધે જગતજનની મા અંબાના અનેક રૂપોને વિવિધ રૂપે પૂજા-અર્ચના આરાધના અને સેવા માટે ભક્તોએ પોતપોતાના સ્થળે સંક્રમણને ધ્યાનમાં રાખી નવરાત્રી પૂજાનું વિધિવત પૂજાપા માટેની ખરીદીથી દુકાનોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

પૂજાપાની ખરીદી માટે ચુંદડી, અબીલ, ગુલાલ, ચંદન, અગરબત્તી, ઘી, રૂ, લાલ-પીળુ સ્થાપન, અંતરની સીસી સ્પ્રે, ગુગળ તેમજ દશાંગ ધુપ જેવી અનેક જરૂરિયાતવાળી ચીજોની મસમોટી ખરીદી કરી નવ દિવસ ઉપવાસ રાખી મંત્રોચ્ચાર તેમજ નિવેદ નાળીયેર સાથે માતાજીની અસીમ કૃપા મેળવવા અનુષ્ઠાનો પણ કરાય છે. આમ ભુવા અને નગરીયા ઢોલ નગારા અને વાંજીત્રોથી હૃદયપૂર્વકની રેડી ગાઈ નવ દિવસ સુધી સતત મોડી રાત્રી સાંસારિક દુઃખોના નિવારણ અને માતાજી સમક્ષ આરાધના કરતાં હોય છે.

મા અંબાના અનેક રૂપોને ભક્તો તેમની મનોકામના પ્રમાણે સિદ્ધ થવા આ પૂજાપાનો મહિમા પણ અમુલ્ય ગણતા હોય છે.

અસુર શક્તિ પર વિજય પામી સચ્ચાઈ અને ન્યાયની જીત પામે. સાંસારિક અનેક દુઃખો અને ઈચ્છાઓને પ્રાપ્ત કરવા નવરાત્રીનો મહિમા અનેરો ગણવામાં આવે છે. આ પૂજાથી માતાજીની અસીમ કૃપા ભક્તો પર થતી હોવાનું પણ માનવામાં આવે છે. દરેક કાર્યો માટે સફળતા પ્રાપ્ત કરવા અને પુણ્યશાળી તેમજ વિવિધ કરેલા પાપોથી મુક્ત થવા નવરાત્રી મહોત્સવને મહત્વનું ગણવામાં આવે છે. નવ દિવસ કામકાજ અને ધંધા રોજગારોમાંથી મોટા ભાગનો સમય જગતજનની માટે કાઢવામાં આવે છે. નિત્ય બે ટાઈમ આરતી અને પૂજાપાઠથી માતાજીની નવરાત્રીમાં ભક્તોએ કરેલી આરાધનાને સફળ પરિણામ સામે આશીર્વાદરૂપ નિવડતા હોવાનું ભક્તો કહી રહ્યા છે.

મુનાઈ પી.એચ.સી. સેન્ટરમાં હેન્ડ વોશિંગ-ડે ઉજવાયો

ભિલોડા,તા.૧૬

ભિલોડા તાલુકાના મુનાઈ ગામના મુનાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં હેન્ડ વોશિંગ-ડે ઉજવાયો હતો. મુનાઈ ગ્રૂપ ગ્રામ પંચાયત પુર્વ સરપંચ જશુભાઈ પટેલ, મુનાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડૉ. અરવિંદકુમાર ચૌધરી સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા.